

> જલારામ સ્ટીલ ફર્નિચર ઇન્ડિયાના ફર્નિચરની દુનિયામાં સેકન્ડ લાર્જેસ્ટ કંપની તરીકે પ્રસ્થાપિત થઇ ચૂકી છે. આ ઉપરાંત આ એક માત્ર એવી કંપની છે કે જેને આઇએસઓ માર્કની માન્યતા પ્રાપ્ત થઇ છે.

**ગોવિંદ પટેલ**
જલારામ સ્ટીલ ફર્નિચર

# ફર્નિચરની દુનિયામાં સુરતનું નામ અંકિત કર્યું

**ઊઠો જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડયા રહો..**

સ્વામી વિવેકાનંદ આ વાક્ય યુવાનોનો ઉત્સાહ વધારવા માટે હંમેશાં કહેતા હતા. વાત ૧૯૭૩ની છે જ્યારે જલારામ સ્ટીલ ફર્નિચર પ્રાઇવેટ લિમિટેડ કંપનીએ સુરતમાં પોતાનો પાયો નાખ્યો હતો.

ગોવિંદભાઇ ભાણજીભાઇ પટેલ એક એવી ખંતીલી વ્યક્તિ કે તેઓને કંઇક કરવું હતું, સુરતને પોતાની કર્મ ભૂમિ માનીને રાજકોટના એક નાનકડા પડદરી ગામથી સુરત આવ્યા. જો કે, આ દાયકામાં સુરતમાં ઘણાં લોકો સૌરાષ્ટ્રથી આવીને વસ્યાં હતાં અને તેઓ ડાયમંડ બિઝનેસમાં આગળ વધ્યા હતા પરંતુ ગોવિંદભાઇની દિશા અને તેમનું વિઝન અલગ હતું. તેઓ પોતાના માસીના દીકરાની સાથે ફર્નિચરના કામમાં લાગી ગયા. ગામડાંથી આવ્યા હોય ત્યારે પગાર કેવો! બસ, ખાવાપીવાનું અને રહેવાનું આપવામાં આવતું. પાંચ વર્ષ તો તેઓ આ રીતે પોતાનો ખર્ચ કાઢે તેટલું જ કમાતા હતા પરંતુ કહેવાય છે ને કે, હો હોંસલો મેં ઉડાન તો કોઇ ભી આસમાન છોટા નહીં લગતા હૈ..

બસ આવું જ સાબિત કર્યું ગોવિંદભાઇએ. વર્ષ ૧૯૮૩માં તેઓએ એક નાનકડી ફર્નિચરની દુકાનની શરૂઆત કરી. આજે આઇઆઇટી, તમામ યુનિવર્સિટી, ભારતની ત્રણેય ડિફેન્સ શાખા, એસ્સાર, રીલાયન્સ, એનટીપીસી, રેલવે, જીએનએફસી આવી અઢળક કંપનીઓમાં પોતાનાં ફર્નિચર સપ્લાય કરતી જલારામ સ્ટીલ પહેલાં તો માત્ર નાના કબાટ અને પલંગો બનાવતી હતી. લોકોના ઘરે જઇને પણ કામ કર્યું અને મોટા મોટા વેપારીઓને પણ પોતાનો જથ્થાબંધ માલ વેચ્યો હતો.

આવી રીતે જ ધીમે ધીમે એક પછી એક પગથિયાં ચઢીને જલારામ ફર્નિચર ન માત્ર એક દુકાન પરંતુ સુરતની એક માત્ર ફર્નિચરની જલારામ સ્ટીલ ફર્નિચર પ્રાઇવેટ લિમિટેડ કંપની બની ગઇ છે. આ વાતમાં કોઇ અતિશયોક્તિ નથી કે સુરત તો અત્યાર સુધી જરી, ડાયમંડ, ટેક્સ્ટાઇલથી પ્રખ્યાત છે પરંતુ જલારામ સ્ટીલ પ્રાઇવેટ લિમિટેડે સમગ્ર ભારતમાં સુરતનું નામ ફર્નિચરની દુનિયામાં પણ અંકિત કરી દીધું છે.

લસકાણા ખાતે ખૂબ જ મોટું મેન્યુફેક્ચરીંગ યુનિટ ધરાવતાં જલારામ સ્ટીલ ફર્નિચરના માલિક ગોવિંદભાઇ પટેલ કહે છે, ‘અમારી કંપની ઇન્ડિયાના ફર્નિચરની દુનિયામાં સેકન્ડ લાર્જેસ્ટ કંપની તરીકે પ્રસ્થાપિત થઇ ચૂકી છે. આ ઉપરાંત આ એક માત્ર એવી કંપની છે કે જેને આઇએસઓ માર્કની માન્યતા પ્રાપ્ત થઇ છે. એક નાનકડી દુકાનથી ચાલુ કરેલી અમારી આ સફર આજે વટવૃક્ષ સમાન ફૂલીફાલી છે. અમારા ૧૦૦૦થી પણ વધુ મોટા મોટા ક્લાયન્ટ છે, ૨૦૦ જેટલા ડિલર્સ. આ ઉપરાંત ૨૧ જેટલાં રાજ્યોમાં અમારી ડિલરશીપ અપાઇ ચૂકી છે. પહેલી વાર એવું બન્યું હતું કે વર્ષ ૨૦૧૦માં જલારામ ફર્નિચર મોલ સ્થાપિત કર્યો હતો. આ ઉપરાંત અમે અમારું ફર્નિચર એક્ષ્પોર્ટ પણ કરીએ છીએ.’

૨૫ રૂપિયા પણ પગાર નહોતો ત્યારથી લઇને ૨૫ કરોડના વાર્ષિક ટર્નઓવરની સફર સર કરનારા ગોવિંદભાઇ પટેલ એક માત્ર ગુજરાતી છે કે જેઓએ ફર્નિચરની દુનિયામાં ન માત્ર સુરતનું પરંતુ ગુજરાતનું નામ રોશન કર્યું છે.

વધુ જાણવા QR સ્કેન કરો



Excellence is being able to perform at a high leval over and over again You can hit a half-court short once,That's just luck.If you consistently do it... that's excellence.- Jay-Z